# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 79મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે

2) આવતીકાલે રાષ્ટ્ર સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે સજ્જ. પ્રધાનમંત્રી લાલ કિલ્લા ખાતેથી તિરંગો લહેરાવીને સંબોધન કરશે.

3) ભારતે 100 ગીગાવોટ સોલાર પીવી મોડ્યુલ ઉત્પાદન ક્ષમતામાં સીમાચિહ્નરૂપ સિધ્ધિ હાંસલ કરી.

4) જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ યોજાયેલી અશ્વ રેલીમાં વિવિધ સમાજના અનેક લોકોએ ભાગ લીધો.

5) આવતીકાલના શિખર સમ્મેલન બાદ યુક્રેન સાથેનું યુદ્ધ રોકવા રશિયા સંમત નહીં થાય તો તેના ખૂબ જ ગંભીર પરિણામો આવશે તેવી ટ્રમ્પની ચીમકી.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ- ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન આજે સાંજે સાત વાગ્યાથી આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત થશે અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે.

દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી આજે રાત્રે 9.30 વાગ્યે તેના સંબંધિત પ્રાદેશિક નેટવર્ક પર પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

# INDEPENDENCE CELEBRATION

આવતીકાલે રાષ્ટ્ર સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી ઉજવણીનું નેતૃત્વ કરશે. તેઓ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે અને પ્રતિષ્ઠિત સ્મારકની પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધન કરશે.

2047 સુધીમાં વિકસિત ભારતના સરકારના વિઝનને સાકાર કરવા તરફ રાષ્ટ્ર પ્રગતિ કરી રહ્યું છે, આ વર્ષના ઉજવણીનો વિષય-નયા ભારત છે. આ ઉજવણીઓ સમૃદ્ધ, સુરક્ષિત અને નવા ભારતના નિર્માણના સંકલ્પને વધુ બળ પુરૂ પાડશે.

# MANSUKH MANDAVIYA

79માં સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજથી ત્રણ દિવસ સોમનાથ અને પોરબંદરના પ્રવાસે છે. તેઓ આજે બપોરે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના દર્શન કરશે. ત્યારબાદ સાંજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પોરબંદરમાં યોજાનારા સંરક્ષણ પ્રદર્શનમાં ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ શ્રી માંડવિયા પોરબંદરની જવાહર નવોદય સ્કૂલમાં યોજાનારા 'એટ હોમ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને સાંજે પોરબંદરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. આવતીકાલે શ્રી માંડવિયા પોરબંદર ખાતે રાજ્યકક્ષાની સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. શનિવારે તેઓ પાલિતાણા ખાતે જન્માષ્ટમી રથયાત્રાને પ્રસ્થાન કરાવશે.

# JOSHI- SOLAR GIGAWATT

ભારતે મોડેલ્સ અને ઉત્પાદકોની મંજૂર યાદી હેઠળ 100 ગીગાવોટ સોલાર પીવી મોડ્યુલ ઉત્પાદન ક્ષમતાની સીમાચિહ્નરૂપ સિધ્ધિ હાંસલ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રયાસોની પ્રશંસા કરી અને તેને આત્મનિર્ભરતા તરફનુ એક સીમાચિહ્નરૂપ પગલું ગણાવ્યું.

સાંભળીયે એક અહેવાલ....

<u>(VOICE CAST: CHANDRA SHEKHAR)</u>

# GIRIRAJ- TEXTILE MEETING

કાપડ મંત્રી ગિરિરાજ સિંહે ગઈકાલે નવી દિલ્હીમાં વૈશ્વિક વેપાર અવરોધોનો સામનો કરવા માટે અગ્રણી ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં, શ્રી સિંહે વિકસતી વૈશ્વિક વેપાર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

તેમણે કહ્યું હતું કે, વૈશ્વિક પડકારો છતાં, ભારતીય કાપડ ઉદ્યોગ 2030 સુધીમાં 100 અબજ યુએસ ડોલરની નિકાસનું લક્ષ્ય હાંસલ કરશે. બેઠકમાં અમેરિકા દ્વારા પારસ્પરિક ટેરિફની જાહેરાત અને આ ક્ષેત્ર માટે એક આત્મવિશ્વાસપૂર્ણ, ભવિષ્યલક્ષી વ્યૂહરચના ઘડાશે.

શ્રી સિંહે જણાવ્યું કે માળખાકીય સુધારા સૂચવવા, નવા બજારો માટેની વ્યૂહરચના ઓળખવા અને નવા બજારો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ચાર સમિતિઓની રચના કરાશે. આ સમિતિ કાપડ ક્ષેત્રમાં ઉત્પાદન સ્પર્ધાત્મકતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

# UTTARAKHAND CABINET

ઉત્તરાખંડમાં, રાજ્ય મંત્રીમંડળે ભૂતપૂર્વ અગ્નિવીરોને સૈન્યમાંથી પરત ફર્યા બાદ સરકારી સેવાઓમાં સીધી ભરતી માટે 10 ટકા અનામતને મંજૂરી આપી છે. મંત્રીમંડળે ગઈકાલે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં મંજૂરી આપી હતી. આ અનામત રાજ્ય સરકાર હેઠળની સેવાઓમાં ગ્રુપ 'સી' ની ગણવેશધારી પોસ્ટ્સ સાથે સંબંધિત છે.

**આ દરમિયાન રાજ્ય મંત્રીમંડળે ઉત્તરાખંડ ધર્મ સ્વતંત્રતા (સુધારા) બિલ, 2025ને પણ મંજૂરી આપી, જેમાં ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તનને રોકવા માટે કડક જોગવાઈઓ રજૂ કરાઇ છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# J&K- HAR GHAR TIRANGA CAMPAIGN

**જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં ગઈકાલે હર ઘર તિરંગા અભિયાન હેઠળ અનેક તિરંગા રેલીઓનું આયોજન કરાયુ હતું, આ તિરંગાયાત્રામાં સમાજના તમામ ક્ષેત્રો અને વર્ગોના લોકોની મોટી ભાગીદારી જોવા મળી હતી. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, કોટરંકાના નાંગા થુબથી એક શાનદાર અશ્વ રેલીને લીલી ઝંડી આપી હતી, આ રેલીમાં દરેક સવારના હાથમાં ગર્વથી ત્રિરંગો ફરકી રહ્યો હતો.**

# ED-MONEY LAUNDERING CASE

નાલાસોપારામાં સાઇઠ એકર સરકારી અને ખાનગી જમીન પર ગેરકાયદેસર બાંધકામ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગઈકાલે વસઈ-વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવાર, ટાઉન પ્લાનિંગના સસ્પેન્ડેડ ડેપ્યુટી ડિરેક્ટર વાય.એસ. રેડ્ડી, બિલ્ડર સીતારામ ગુપ્તા અને તેમના ભત્રીજા અરુણ ગુપ્તા સહિત ચાર લોકોની ધરપકડ કરી છે.

સંયુક્ત પૂછપરછ બાદ આરોપીઓને મુંબઈમાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને આજે તેમને PMLA કોર્ટમાં રજૂ કરાશે. EDના જણાવ્યા અનુસાર, આરોપીઓએ સાંઠગાંઠ કરીને શેલ કંપનીઓ અને બોગસ પ્રમાણપત્રોના નેટવર્ક દ્વારા જાહેર જમીનને ખાનગી રિયલ એસ્ટેટમાં રૂપાંતરિત કરી હતી.

# TRUMP - PUTIN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિન આવતીકાલના શિખર સમ્મેલન બાદ યુક્રેન સાથેનું યુદ્ધ રોકવા માટે સંમત નહીં થાય તો તેના ખૂબ જ ગંભીર પરિણામો આવશે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને જણાવ્યું હતું કે, ગઈકાલે યુરોપિયન નેતાઓ સાથેની વર્ચ્યુઅલ મીટિંગમાં ટ્રમ્પ સ્પષ્ટ હતા કે અમેરિકા અલાસ્કામાં આગામી યુએસ-રશિયા સમિટમાં યુદ્ધવિરામ પ્રાપ્ત કરવા માંગે છે.

આ જ મીટિંગમાં, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકીએ કહ્યું કે પુતિન ટ્રમ્પ સાથેની બેઠક અગાઉ નિવેદનબાજી કરી રહ્યા છે. ઝેલેન્સકીએ કહ્યું કે, પુતિન

યુક્રેનિયન મોરચાના તમામ ક્ષેત્રો પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી તે બતાવી શકાય કે રશિયા આખા યુક્રેન પર કબજો કરી શકે છે. ટ્રમ્પ, ઝેલેન્સકી અને અન્ય યુરોપિયન નેતાઓ વચ્ચેની વિડિઓ કોન્ફરન્સ પછી બોલતા, મેક્રોને કહ્યું કે ટ્રમ્પ યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધવિરામને પ્રાથમિકતા આપી રહ્યા છે.

# SC - STRAY DOG

દિલ્હી-એનસીઆરમાં શેરી કૂતરાઓના ભય અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશની ફેર વિચારણા કરાશે. ભારતના મુખ્ય ન્યાયાધીશે આ માટે ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી.અંજારિયાની બનેલી ત્રણ ન્યાયાધીશોની બેન્ચની રચના કરી છે. આ મામલે આજે સુનાવણી થશે.

ગઈકાલે, એક વકીલે આ બાબતનો ઉલ્લેખ કર્યા પછી, CJI બી.આર.ગવઈએ કહ્યું કે તેઓ શેરી કૂતરાઓ સંબંધિત ચાલી રહેલા મુદ્દાની તપાસ કરશે, તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની વિવિધ બેન્ચે અલગ અલગ નિર્દેશો જારી કર્યા છે. બેન્ચે શેરી કૂતરાઓને આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવા અને તેમને જાહેર સ્થળોએ પાછા છોડવા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો.

11 ઓગસ્ટના રોજ, ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે રખડતા કૂતરાઓના ભય અંગે કડક ટિપ્પણી કરી અને દિલ્હી-એનસીઆરને આઠ અઠવાડિયાની અંદર તમામ વિસ્તારોમાંથી શેરી કૂતરાઓને દૂર કરવાનું અને શ્વાનોને આશ્રયસ્થાનોમાં રાખવાનો આદેશ આપ્યો.

શેરી કૂતરાઓના વધતાં હુમલા અંગેના મીડિયા અહેવાલ પર શરૂ કરાયેલી સુઓમોટો કાર્યવાહી અગે સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

1) આજના અખબારોએ વિવિધ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે.
2) ગુજરાત સમાચાર લખે છે, પાકિસ્તાની આતંકીઓની ઘૂસણખોરી – ગોળીબારમાં જવાન શહીદ.
3) સંદેશનું મુખ્યશીર્ષક છે, ભારત 2030ની કૉમનવેલ્થ ગેમ્સની યજમાની માટે બિડિંગ કરશે, ત્યારબાદ અમદાવાદ સૂચિત સ્થળઃ I.O.A.એ લીલીઝંડી આપી.... દિવ્ય ભાસ્કર લખે છે, વૉટર લિસ્ટ સ્થિર ન રહી શકે, તે માટે સુધારા કરવા જરૂરીઃ સુપ્રીમ.... “અમેરિકા સામે ઘેરાબંધીની તૈયારીમાં ભારત, રશિયા, ચીન” આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. નવગુજરાત સમયે “અમદાવાદ કૉમનવેલ્થ ગેમ્સ 2030ની બિડને I.O.A.ની મંજૂરી”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
4) રાજસ્થાન પત્રિકા લખે છે, **क्रिमिलेयर की समान आय सीमा लागू करने पर विचार**.
5) ગુજરાત વડી અદાલતની ટિપ્પણીને ટાંકીને સંદેશ સ્થાનિક પાના પર લખે છે, ટ્રાફિક ઝૂંબેશમાં રાજકીય દબાણ લાવે તેનું નામ આપો, કાર્યવાહી કરીશું.
6) નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, પીએમ મોદી 24 ઑગસ્ટથી બે દિવસ ગુજરાતની મુલાકાતે.